# આવતીકાલે દેવ દિવાળી અને ગુરુ નાનક જયંતિ

## દેવ દિવાળી નિમિત્તે પંચદેવ મંદિર ખાતે હજારો દીવડાઓથી મંદિરની સજાવટ કરવામાં આવશે : ગ્રામ્ય વિસ્તારોમાં ફૂલોના ગરબાની જમાવટ થશે

ગાંધી.તા.૦૬

પ્રકાશનો તહેવાર દેવ દિવાળી કારતક મહિનાની પૂર્ણિમાની તિથિ પર ઉજવવામાં આવે છે. આ દિવસે ગુરુ નાનક જયંતિ પણ ઉજવવામાં આવે છે.

દિવાળીના બરાબર ૧૫ દિવસ પછી અને કારતક પૂર્ણિમાના દિવસે દેવ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે.

દેવ દિવાળીના દિવસે નદી કાંઠે વિશેષ ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે અને ગંગાના કિનારે ઘણા દીવાઓ પ્રગટાવવામાં આવે છે. દેવ દિવાળીની ઉજવણી વિશે એવી માન્યતા છે કે આ દિવસે દેવી-દેવતાઓ પણ સ્વર્ગમાંથી પૃથ્વી પર આવે છે અને દિવાળીનો તહેવાર ઉજવે છે. આ વર્ષે કારતક પૂર્ણિમા ૦૮ નવેમ્બરના રોજ છે.

**દેવ દિવાળી કથા**

પૌરાણિક કથા અનુસાર ત્રિપુરાસુર નામના રાક્ષસે પોતાના આતંકથી પૃથ્વી પરના મનુષ્યો અને સ્વર્ગના તમામ દેવતાઓને ત્રાહિમામ પોકારી દીધા હતા. ત્રિપુરાસુરથી બધા દેવતાઓ પરેશાન હતા. દરેક વ્યક્તિ ભગવાન શિવ પાસે મદદ માટે પહોંચી અને ત્રિપુરાસુરના અંત માટે પ્રાર્થના કરી.

દંતકથા અનુસાર, ભગવાન શિવે કારતક પૂર્ણિમાના દિવસે ત્રિપુરાસુર રાક્ષસનો વધ કર્યો હતો. ત્રિપુરાસુરના અંત પછી, જ્યારે તેમને તેના આતંકમાંથી મુક્તિ મળી ત્યારે તમામ દેવતાઓ પ્રસન્ન થયા અને તેઓએ સ્વર્ગમાં દિવા પ્રગટાવ્યા. આ પછી બધા કાશી આવ્યા, ભોલેનાથની નગરી અને દેવતાઓએ કાશીમાં પણ દિવા પ્રગટાવીને ખુશી મનાવી.આ ઘટના પછી, કારતક મહિનાની પૂર્ણિમાના દિવસને દેવ દિવાળી કહેવામાં આવે છે અને આ દિવસે ખાસ કરીને કાશી અને ગંગા ઘાટ પર ઉજવવામાં આવે છે. આ દિવસે રાક્ષસ ત્રિપુરાસુરનો વધ થયો હતો, તેથી કારતક પૂર્ણિમાને ત્રિપુરી પૂર્ણિમા અને ત્રિપુરારી પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે.





શા માટે કરવામાં આવે છે દીવાનું દાન?

કારતક પૂર્ણિમાના દિવસે પવિત્ર નદીના જળથી સ્નાન કરવું જોઈએ અને દીવાનું દાન કરવું જોઈએ. પરંતુ આ દાન નદીકિનારે કરવામાં આવે છે. તેને દિવાળી સાથે કોઈ લેવાદેવા નથી. લોક-વ્યવહારની પરંપરાને કારણે વારાણસીમાં આ દિવસે ગંગાના કિનારે મોટા પાયે દીવાઓનું દાન કરવામાં આવે છે. વારાણસીમાં તેને દેવ દિવાળી કહેવામાં આવે છે.

**ગ્રામીણ વિસ્તારોમાં ગરબાઃ**

દિવાળી ના પાવન પર્વથી સળંગ ૨૦ દિવસ દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં ફૂલોના ગરબા નું ભવ્ય આયોજન કરવામાં આવે છે દેવ દિવાળી ની રાત્રે મોડા સુધી ગરબા કરવામાં આવે છે અને વહેલી સવારે ગરબો વળાવવામાં આવે છે.ગાંધીનગર ની આસપાસ ના ગ્રામીણ વિસ્તારોમાં આ વર્ષે ફૂલોના ગરબા માં જમાવટ જોવા મળી હતી.જેમાં શહેરીજનો પણ જોડાયા હતા. કોઈ બાધા અને માનતા માની હોય તે પૂર્ણ થતાં લોકો ફૂલોના ગરબા કરીને વળવતા હોય છે અને દાન પુણ્ય પણ કરતા હોય છે.

પંચદેવ મંદિર માં દીવડાઓ જળહળશેઃ

દેવ દિવાળી ના પાવન પર્વમાં શહેરના સેકટર ૨૨ ખાતે શ્રી પંચદેવ મંદિર ખાતે હજારો દીવડાઓ થી મંદિર ની સજાવટ થશે.દીવડાઓ રોશની થી મંદિરમાં રોશની જોવા શહેરીજનો ની પણ ભીડ જોવા મળશે.

**દેવ દિવાળી ૨૦૨૨ મુહૂર્તઃ**

કાર્તિક પૂર્ણિમા તારીખ શરૂ થાય છે - ૦૭ નવેમ્બર ૨૦૨૨, સાંજે ૦૪:૧૫ કલાકે

કાર્તિક પૂર્ણિમા તારીખ સમાપ્ત થાય છે - ૦૮ નવેમ્બર ૨૦૨૨, સાંજે ૦૪:૩૧ કલાકે

પ્રદોષકાળ દેવ દીપાવલી મુહૂર્ત - સાંજે ૦૫:૧૪ - સાંજે ૦૭:૪૯ (૭ નવેમ્બર ૨૦૨૨)

# મંગળવારે શહેરમાં ગુરુનાનક જયંતિની ભક્તિમય ઉજવણી કરાશે






ગાંધીનગર તા.૦૬

શહેરમાં મંગળવારે દેવદિવાળીનું પર્વ તેજોમય દિપોત્સવ સાથે દિવાળીની જેમ ઉજવાશે. આ સાથે શહેરમાં શીખ સમુદાયના ગુરુ નાનક દેવજીના ૫૫૩મા પ્રકાશપર્વની અનુયાયીઓ દ્વારા ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવશે જે અંતર્ગત શહેરના સેક્ટર-૩૦ ખાતેના ગુરુદ્વારામાં વિવિધ ભક્તિ કાર્યક્રમોનું ?આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવને અનુલક્ષીને ગુરુદ્વારાને રોશનીથી શણગારવામાં આવ્યું છે.

આ વર્ષે શીખ ધર્મના પ્રથમ ગુરુ નાનક દેવજીનું ૫૫૩મુંપ્રકાશ પર્વ-જન્મજયંતિ સમગ્રવિશ્વમાં ઉજવવામાં આવી રહ્યું છે. ગાંધીનગર સેક્ટર-૩૦માં પણ શીખ સમાજ, સિંધી સમાજ, પંજાબી સમાજ અને ગુજરાતના અનુયાયીઓ દ્વારા સાથે મળીને ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વની ઉજવણીમાં તા.૮મી નવેમ્બર મંગળવારે સેક્ટર-૩૦માં ગુરુદ્વારા સાહિબ પ્રકાશ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સવારે ૧૦થી ૧ વાગ્યા દરમ્યાન અને સાંજે ૭થી ૯.૩૦ વાગ્યા દરમ્યાન ભજન કિર્તનનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગાંધીનગરમાં પુસ્તક પરબમાં કુલ ૫૮૮ પુસ્તકો અને સામયિકોનું આદાનપ્રદાન થયું






ગાંધીનગર, તા.૬

માતૃભાષાના જતન - સંવર્ધન અને શિષ્ટ સાહિત્યના પ્રસાર હેતુથી છેલ્લા આઠ-નવ વર્ષથી ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. નવેમ્બર મહિનાની પુસ્તક પરબમાં પુસ્તકો અને સામયિકો મળીને કુલ ૫૮૮ નું આદાનપ્રદાન થયું હતું. ૩૯૨ પુસ્તક-સામયિકોની આવક થઈ હતી, જ્યારે ૧૯૬ પુસ્તક - સામયિકોની જાવક થઈ હતી. અંદાજે ૧૫૦ જેટલા પુસ્તક ભાવકોએ પરબની મુલાકાત લીધી હતી.

પરબને સફળ બનાવવામાં અજય ઉપાધ્યાય, ગજેન્દ્રસિંહ વાઘેલા, સમીર રામી, સંજય થોરાત, તાહિરભાઈ, સમીર શાહ, એન.પી.થાનકી, વિષ્ણુસિંહ ચાવડા, તરુણભાઈ, પ્રજ્ઞાબેન પટેલ વગેરેએ સહયોગ આપ્યો હતો. બલરામ મંદિર, સેકટર-૧૨માં યોજાયેલ પુસ્તક પરબમાં સહુ પુસ્તકપ્રેમીઓએ પરસ્પર નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

## જન્મદિને વધામણી



ભીખાભાઈ પ્રભુદાસ પ્રજાપતિ

મો : ૭૬૯૮૪૨૬૧૬૩

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઘઘાણીયા મહાદેવભાઈ વાલજીભાઈ ઉ.વ.૩૫, વડીયા
- સ્વ.રાણા ભિખાજી લક્ષ્મણજી ઉ.વ.૬૬, પીપળજ નવા
- સ્વ.તલવાડી ગણપતભાઈ મણીલાલ ઉ.વ.૬૫, વાવોલ
- સ્વ.ભરવાડ ભાનુબેન દિનાભાઈ ઉ.વ.૩૨, માંડલ
- સ્વ.સોલંકી તુલસીબેન રામસિંહ ઉ.વ.૫૧, દોલતાબાદ

# સેક્ટર-૫ શિવશક્તિ મંદિર ખાતે તૂલસી વિવાહનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૬

દેવ ઉઠી એકાદશીને આખા વર્ષની સૌથી મોટી એકાદશી માનવામાં આવે છે. આ દિવસે તુલસી વિવાહ કરાવવાનું પણ ચલણ છે.ત્યારે સેકટર - ૫ શિવ શક્તિ મંદિર ખાતે તૂલસી વિવાહ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપના તુલસી સાથે વિવાહ કરવામાં આવ્યા હતા. ભગવાન વિષ્ણુને તુલસી ખૂબ જ પ્રિય છે. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં સેકટર વસાહતના નગરજનોએ લાભ લીધો હતો.રાધાકૃષ્ણ સંસ્થા દ્વારા આયોજીત તુલસી વિવાહમાં ભકતો દ્વારા શ્રધ્ધા પૂર્વક પૂજાવિધિ કરીને તુલસી વિવાહ કરવામાં આવ્યા હતા.

# એસ.જી હાઈવે પર ડનલોપની ગાદીવાળા અવરોધો લગાવાયા

## અમદાવાદમાં અકસ્માત ટાળવા નવો અભિગમ : SG હાઇવે પર તંત્રએ અકસ્માત અટકાવવા અપનાવ્યો નવતર અભિગમ

અમદવાદ,તા.૬

રાજ્યમાં સૌથી મોટા શહેર અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે જેથી માર્ગ અકસ્માતના કિસ્સોઓ વધુ સામે આવતા હોય છે. જે બાબતને રોકવા માટે તંત્ર અનેક પગલા ભરતા હોય છે.

ઓવર સ્પિડના કારણે સર્જાતા અકસ્માતને રોકવા માટે પોલીસે સ્પિડ કમેરાનો પ્રયોગ અપનાવ્યો હતો

અને જેનાથી કેટલાક અંશે તો અકસ્માતમાં ઘટાડો થયો હતો પરતું અકસ્માતમાં થતી ઈજા અને અકસ્માત અટકાવવા ફરીથી તંત્ર દ્વારા નવતર પ્રયોગ કર્યો છે. જે પ્રયોગથી લોકોમાં પણ ખુશી છે. હાઈવે પર તંત્ર દ્વારા ડનલોપની ગાદી વાળા અવરોધો લગાવવામાં આવ્યા છે

રાજ્યમાં દિવસેને દિવસે અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

ત્યારે સરખેજ-ગાંધીનગર હાઈવે પર પણ અકસ્માતો વધી રહ્યા છે. આ તમામની વચ્ચે અમદાવાદ પોલીસે હાઈવે પર સ્પીડ કેમેરા સાથે એક નવતર અભિગમ પણ અપનાવ્યો છે. આ અભિગમ અંતર્ગત હવેથી સરખેજ ગાંધીનગર હાઈવે પર આવેલા તમામ બ્રિજ પર વચ્ચેના ભાગ પર અવરોધો લગાવવામાં આવ્યા છે.

આ અવરોધો લગાવવાથી અકસ્માત સમયે બ્રિજ પર વધારે જાનહાનિ સર્જાશે નહીં. સાથો સાથ અકસ્માત સમયે શરીરના ભાગમાં ઈજા પણ ઓછી પહોંચે તે હેતુસર અવરોધો વચ્ચે ડનલોપની ગાદી પણ મુકવામાં આવશે.

અમદાવાદમાં અકસ્માત ટાળવા તંત્રએ નવતર અભિગમ અપનાવ્યો છે. નવા બનેલા સરખેજ- ગાંધીનગર હાઈવે પર અકસ્માતના કિસ્સાઓ સામે આવતા હોય છે.

જેથી સરખેજ-ગાંધીનગર હાઈવે પર અકસ્માત અટકાવવા અવરોધો લગાવાયા છે. જ્યાં ડનલોપની ગાદી વાળા અવરોધો લગાવવામાં આવ્યા છે. જે નવતર અભિગમને વાહન ચાલકોએ આવકાર્યો છે. નવા અભિગમથી રોજ મુસાફરી કરતા વાહન ચાલકોમાં પણ ખુશી જોવા મળી છે.

# દિવાળી વેકેશનને પગલે સે.૨૮ના બાલોદ્યાનમાં સહેલાણીઓની ભીડ

## વર્ષોથી જળવાયેલું સે.૨૮નું આકર્ષણ આજે પણ યથાવત્ : "અટલ ટ્રેન" અને વિવિધ મનોરંજક રાઇડ્સનું નાના-મોટાં દરેકને આકર્ષણ

ગાંધીનગર, તા. ૦૬

અત્યારે શાળાઓમાં દિવાળી વેકેશન ચાલી રહ્યું છે, દિવાળીના તહેવારની રજાઓમાં પરિવાર સાથે બહારગામ ફરવા જવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે જેને કારણે શહેરના અનેક પરિવારો રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો સહિત દેશ-વિદેશમાં પણ ફરવા ગયાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. છેલ્લાં કેટલાંક સમયથી ગાંધીનગર પણ પ્રવાસ-પર્યટન સ્થળ તરીકે વિકાસ પામ્યું છે અને અહીં અક્ષરધામથી માંડીને દાંડી કુટિર જ્યારે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનથી માંડીને સ્વર્ણિમ પાર્કના આકર્ષણો જોવા મળી રહ્યાં છે પરંતુ અહીં આજે પણ સેક્ટર-૨૮ના બાલોદ્યાનનું આકર્ષણ ગાંધીનગર જિલ્લા અને અમદાવાદ સહિતના આસપાસના વિસ્તારના સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે અને આજકાલ તાજેતરમાં રિનોવેટ કરાયેલાં સે.૨૮ના બગીચામાં પારિવારિક સહેલાણીઓની ભારે ભીડ જોવા મળે છે.

ગાંધીનગરના સેક્ટર-૨૮નો બગીચો પાટનગરના શરૂઆતના વિકાસથી જ સમગ્ર જિલ્લા સહિત અમદાવાદ અને આસપાસના અનેક જિલ્લાના સહેલાણીઓ માટે વર્ષોથી પસંદગીનું સ્થળ બની રહ્યો છે. આ બગીચામાં "અટલ ટ્રેન" નામની મીની રેલગાડી તેમજ તળાવ અને વિવિધ મનોરંજક રાઇડ્સ નાના-મોટાં દરેકને આકર્ષતી આવી છે તેમજ વિવિધ સમાજ-સંસ્થા અને સમુદાયોની નાની-મોટી ઉજાણી માટે પસંદગીનું સ્થળ બની રહ્યો હતો. આજે પણ દિવાળી વેકેશનના ગાળામાં સે.૨૮નો હવે રિનોવેટ કરાયેલો બાલોદ્યાન સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે અને આજકાલ અહીં ખૂબ મોટી સંખ્યામાં પારિવારિક સહેલાણીઓની ભીડ જોવા મળી રહી છે. પોતાના પરિવાર સાથે રજાઓમાં મજા માણવા આવતાં બાળકો અહીં મોજમસ્તી સાથે આનંદ-કિલ્લોલ કરી રહ્યાં છે. દરરોજ સાંજના સમયે મનોરંજક રાઈડ્સ શરૂ થવા સાથે જ અહીં મેળા જેવો માહોલ જામે છે.

# ૧૫મીથી રાજ્યમાં ધીરે ધીરે ઠંડીનું જોર વધશે

## મોટાભાગના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવશે : અફઘાનિસ્તાનમાં સર્જાયેલા બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ૧૪મી નવેમ્બર સુધી વિવિધ વિસ્તારોમાં પડશે

અમદાવાદ, તા.૬

અફઘાનિસ્તાનમાં સર્જાયેલા બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર આવતી કાલથી ૧૪મી નવેમ્બર સુધી રાજ્યનાં વિવિધ વિસ્તારોમાં પડશે. જેના કારણે મોટાભાગના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવશે. આના કારણે અનેક વિસ્તારોમાં ત્રણથી ચાર ડિગ્રી ઠંડી ગગડવાની શક્યતા રહેલી છે. જોકે, ૧૫મી નવેમ્બર બાદ પણ ઠંડીમાં વધારો થવાની શક્યતા રહેલી છે. આ પહેલા અંબાલાલ પટેલે ડિસેમ્બરમાં ઠંડી વધવાની શક્યતા વ્યક્ત કરી છે.

મળતી માહિતી પ્રમાણે, પવનની દિશા બદલાવવાને કારણે રાજ્યમાં ઠંડા પવનો ફૂંકાશે. વહેલી સવારે અને રાતે ઠંડીનું પ્રમાણ વધશે પરંતુ દિવસ દરમિયાન મહત્ત્મ તાપમાનમાં વધારે ફેરફાર નહીં થાય પરંતુ ગરમીનો અહેસાસ નહીં થાય. રાજ્યમાં ૧૫મી નવેમ્બરથી ધીરે ધીરે ઠંડીનું જોર વધશે. આ દરમિયાન ૧૫ ડિગ્રીની આસપાસ ઠંડીનો પારો રહેશે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહીમાં જણાવ્યું છે કે, રાજ્યના ભાગોમાં ગરમી પડી રહી છે. ધીમે ધીમે ગરમી ઘટવાની શક્યતા છે નવેમ્બરની શરૂઆતમાં હિમવર્ષા થવાની શક્યતા છે.

ધીમે ધીમે હિમવર્ષા વધવાની શક્યતા છે. જેના લીધે દેશના ઉત્તર પર્વતીય પ્રદેશો સહિત પંજાબ, હરિયાણા, દિલ્હીના ક્ષેત્રોમાં પણ સામાન્ય વરસાદની સંભાવના છે. જેના કારણે ગુજરાતના ઘણા ભાગોમાં મોસમ પરિવર્તન થવાની શક્યતાઓ છે. લગભગ નવેમ્બરના પહેલા સપ્તાહથી જ બીજા સપ્તાહ વચ્ચે ૫ નવેમ્બરથી ૮ નવેમ્બર સુધી ઠંડીની શક્યતા રહેશે. મહતમ અને લઘુતમ તાપમાન ઘટશે. રાજસ્થાનના ભાગોમાં ઠંડીનું પ્રમાણ વધુ રહેશે. ઉતરીયા પર્વતીય ભાગોમાં વરસાદની શક્યતા રહેશે.

આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે, પૂર્વ ભારતમાં ભારે વરસાદની શક્યતા રહેશે. બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણ સર્જાશે ૧૮ અને ૧૯ નવેમ્બરના ચક્રવાતની સંભાવના સંખ્યામાં વધારો થશે.

આ ચક્રવાતો દક્ષિણ પૂર્વીય ભાગો મારફાડ રહેશે. ચક્રવાતોની અસર દક્ષિણ ભારતમાં થશે અરબી સમુદ્રમાં પણ અસર થશે. જેના લીધે ડિસેમ્બરની શરૂઆતમાં હવામાનમાં પરિવર્તન આવશે. ડિસેમ્બરની શરૂઆતમાં ધુમમ્સનું પ્રમાણ પણ વધુ રહેશે. રાજ્યના રાજ્યમાં સામાન્ય હતું જોવા મળશે ઠંડી ડિસેમ્બરની શરૂઆતમાં પડશે ૨૨ ડિસેમ્બર બાદ ઠંડીનું ચોર વચ્ચે અને ગાત્રોતથી ઠંડી પડશે અને ઠંડી લંબાઈ પણ શકે છે આ વખતે નું પ્રમાણ પણ વધુ રહેશે.